ક્રમાંક : જીસીઇઆરટી/ C&E/2023-24
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: /07/2023
10 JUL 2023

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
શાસનાધિકારીશ્રી, તમામ, ગુજરાત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ, ગુજરાત

વિષય:- ધોરણ 1 થી 4માં શૈક્ષણિક સર્વેની કામગીરી બાબતે

સંદર્ભ:- 1. જીસીઇઆરટી, ગાંધીનગરની સિંગલ ફાઇલ 12/2022 તા. 11/05/2022 પર માન. શિક્ષણમંત્રીની મળેલ પરવાનગી સંદર્ભે

2. તા.06/07/2023ની શાખા નોંધ પર મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત પાયારૂપ વાચન-લેખન-ગણન કૌશલ્યોના વિકાસ માટે ભારત સરકાર દ્વારા નિપુણ ભારત અભિયાન અમલીકૃત છે, જે અંતર્ગત પૂર્વ પ્રાથમિકનાં ત્રણ વર્ષ અને ધોરણ 1 થી 3 નાં ત્રણ વર્ષ દરમિયાન બાળકોમાં પાયાગત વાચન-લેખન-ગણન કૌશલ્યો કેળવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પાંચમી જુલાઈ, 2021ના રોજ સદર મિશનની રાષ્ટ્રવ્યાપી શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન વર્ષ 2026-27 સુધી NEP-2020 અનુસંધાને અમલી રહનાર છે.

ભારત સરકાર દ્વારા આ મિશનનું નિયમિત રીતે મોનીટરીંગ કરવામાં આવે છે. ગત વર્ષે બેઇઝલાઇન શૈક્ષણિક મૂલ્યાંકનની કામગીરી આપણા રાજ્યમાં હાથ ધરવામાં આવેલ હતી. આ પ્રકારનું મૂલ્યાંકન ચાલુ વર્ષે કરીએ તો શિક્ષક અને વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતિ આવે અને જરૂરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય. આથી ચાલુ વર્ષે પણ આવો શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવનાર છે.

જે સંદર્ભે વર્ષ 2023-24માં ધોરણ 1 થી 4ના વિદ્યાર્થીઓની નિપુણ ભારતની માર્ગદર્શિકામાં સમાવિષ્ટ વિકાસાત્મક ધ્યેય- 1- EC- 'બાળક અસરકારક પ્રત્યાયનકાર બને' (ભાષા) તેમજ વિકાસાત્મક ધ્યેય- 3- IL- 'બાળકો જાતે શીખે અને પોતાના નજીકના પર્યાવરણ સાથે જોડાય' (ગણિત) અંતર્ગત શૈક્ષણિક સ્થિતિ/સિદ્ધિના મૂલ્યાંકનની કામગીરી કરવાની રહેશે. જે માટે નીચે મુજબની બાબતોને ધ્યાને લેવાની રહેશે.

- આ સર્વે જુલાઇ, વર્ષ 2023-24માં હાથ ધરવાનો રહેશે. જેમાં રાજ્યની તમામ આઠ માધ્યમની **(ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ઉર્દુ, મરાઠી અને તમિલ, તેલુગુ અને ઉડિયા)** અને તમામ પ્રકારની **(સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)** શાળાઓમાં હાથ ધરવાનો રહેશે.
- સદર સર્વેક્ષણ **ધોરણ 1 થી 4** માં હાથ ધરવાનું રહેશે. ધોરણ 1 માં દાખલ થનાર બાળકો માટે બાલવાટિકાની અધ્યયન નિષ્પત્તિઓ, ધોરણ 2 માં ધોરણ 1 ની અધ્યયન નિષ્પત્તિઓ, ધોરણ 3 માં ધોરણ 2ની અધ્યયન નિષ્પત્તિઓ અને ધોરણ 4 માં ધોરણ 3ની અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર કરાયેલ મૂલ્યાંકન ઉપકરણનો ઉપયોગ કરવાનો રહેશે.
- ધોરણ 1 થી 4 ના તમામ વિદ્યાર્થીઓનું સર્વેક્ષણ થનાર હોઈ, મૂલ્યાંકન અંતર્ગત મળતી માહિતીની ડેટા એન્ટ્રી 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' દ્વારા તૈયાર કરેલ અપ્લીકેશન મારફતે કરાવવાની રહેશે. જેની સૂચના 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' દ્વારા આપવામાં આવશે.
- જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ ઉપકરણ રાજ્યના તમામ ડાયેટ દ્વારા તેમના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી મારફતે શાળાઓ સુધી સોફ્ટ કોપી- ઇમેઇલમાં ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- ડાયટ વ્યાખ્યાતા પોતાના લાયઝન તાલુકામાં **તા. 12-13 જુલાઇ, 2022**ના રોજ તાલુકા કક્ષાએ બી.આર.સી.કો, તેમજ સી.આર.સી.કો.ને આ બેઝલાઇન સર્વે તેમજ તેની પ્રક્રિયાથી માહિતગાર કરવાના રહેશે.
- **તા. 14 જુલાઇ, 2023** ના રોજ જિલ્લા કક્ષાએથી ઉપકરણ શાળાઓને સોફ્ટ કોપીમાં ઉપલબ્ધ કરાવવું.
- જે વર્ગમાં **5 બાળકો હોય તેના વિષયશિક્ષકે** એક દિવસમાં આ સર્વે પૂર્ણ કરી બીજા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **10 બાળકો હોય તેના વિષયશિક્ષકે** બે દિવસમાં આ સર્વે પૂર્ણ કરી ત્રીજા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **15 બાળકો હોય તેના વિષયશિક્ષકે** ત્રણ દિવસમાં આ સર્વે પૂર્ણ કરી ચોથા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **15થી વધુ બાળકો હોય તેના વિષયશિક્ષકે** રોજના સરેરાશ 5 બાળકોની ડેટા એન્ટ્રી મુજબ દિન-10માં આ ડેટા એન્ટ્રી પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

- આ સર્વે તા. 15 જુલાઇ, 2023થી તા. 25 જુલાઇ, 2023 સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે તેમજ આ સર્વેની ડેટા એન્ટ્રી તા. 30 જુલાઇ, 2023 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- ડેટા એન્ટ્રી કરવા માટેની પ્રક્રિયાની સૂચના વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આપવામાં આવશે.
- સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈને આ સર્વે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.
- આ સર્વેમાં નબળી શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ધરાવનાર બાળકોને સમયદાન આપી યોગ્ય શૈક્ષણિક ઉપચારાત્મક કાર્ય કરાવવાનું રહેશે. ઉપચારાત્મક કાર્ય બાદ આ બાળકોની શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ચકાસવા માટે ટૂંક સમયમાં અન્ય શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવશે.

| (શ્રી ડી. એસ. પટેલ) | (ડૉ. એમ.આઇ.જોષી) | (ડૉ. રતનકંવર ગઢવીચારણ) |
| --- | --- | --- |
| નિયામક | નિયામક | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | સમગ્ર શિક્ષા, |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

- નકલ રવાના :
  - અંગત મદદનીશ, નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર
  - અંગત મદદનીશ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
  - અંગત મદદનીશ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, જીસીઈઆરટી, ગાંધીનગર
  - કન્વીનર, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર (શૈક્ષણિક સર્વેક્ષણની ડેટા એન્ટ્રીની માટેની પ્રક્રિયાની સૂચના આપવા સારુ)